પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૦ | ૨૨ માર્ચ, ૨૦૧૭, બુધવાર ; ફાગણ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## રામમંદિર મામલે સહમતિ સાધવા સુપ્રીમનું સૂચન

### ભાજપના નેતા સુબ્રમણ્યમ સ્વામી દ્વારા દાખલ કરાયેલી અરજી પર કોર્ટની બહાર ચર્ચા દ્વારા પરસ્પર સહમતિ ઉભી કરવા સુપ્રીમ કોર્ટનું સૂચન : એક સદી જુના વિવાદ મામલે વહેલી સુનાવણીનો ઇન્કાર : વિવાદને ઉકેલવા મધ્યસ્થી કરવા તૈયારી દર્શાવી



નવી દિલ્હી,તા. ૨૧

રાજકીય વર્તુળો અને દેશના લોકોમાં ફરીવાર ભારે ચર્ચા જગાવે તેવા ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે આજે રામજન્મ ભૂમિ-બાબરી મસ્જિદ વિવાદને મંત્રણા મારફતે ઉકેલ લાવવા તમામ પક્ષોને સૂચન કર્યું હતું. બંને પક્ષો પારસ્પરિક વાતચીત અને સમજૂતિ મારફતે કોર્ટની બહાર વિવાદનો ઉકેલ લાવે તેવું સૂચન સુપ્રીમ કોર્ટે કર્યું હતું. સીજેઆઈ જેએસ ખેહરના નેતૃત્વમાં બેંચે કહ્યું હતું કે, આશરે એક સદી જુના વિવાદમાં હિન્દુ અને મુસ્લિમ વચ્ચે જટિલ મામલાને ઉકેલવા પક્ષો દ્વારા પસંદ કરવામાં આવેલા મધ્યસ્થીઓ સાથે મુખ્ય મંત્રણાકાર તરીકે તેઓ બેસવા માટે તૈયાર છે. સુપ્રીમ કોર્ટે આજે અનેક તર્કદાર સૂચન કર્યા હતા. સુપ્રીમે કહ્યું હતું કે, જો જરૂર પડશે તો કોર્ટ પણ મધ્યસ્થી કરવા માટે તૈયાર છે. કોર્ટે કહ્યુ છે કે આ મામલા સાથે જોડાયેલા તમામ પક્ષકારોને ભેગા કરવા જોઈએ. વાતચીત કરવી જોઈએ. વાતચીત કરીને આ મુદ્દાને હલ કરવા માટે પ્રયાસ જરૂરી છે. જો સહમતી બનશે નહી તો સુપ્રીમ કોર્ટ દરમિયાનગીરી કરવા અને મામલાને ઉકેલવા માટે મધ્યસ્થી નિમણૂંક કરવા માટે તૈયાર છે. અત્રે નોંધનીય છે કે સ્વામીએ કોર્ટમાં અપીલ કરીને માંગ

● અનુસંધાન પાન-૭ પર

## અયોધ્યામાં રામાયણ મ્યુઝિયમ બનશે : યોગી આદિત્યનાથ

### એક સપ્તાહમાં જમીન મળી જશે : કેન્દ્રીય સાંસ્કૃતિક મંત્રી સાથે યોગીની વાતચીત : મોદી વૈશ્વિક આઈકન છે : પક્ષપાત વગર તમામ માટે કામગીરી



નવીદિલ્હી, તા. ૨૧

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નેતૃત્વમાં સરકારે કહ્યું છે કે, અયોધ્યામાં રામાયણ સંગ્રહાલય બનાવવા માટે પ્રદેશ સરકાર જમીન આપશે. આ સંદર્ભમાં મુખ્યમંત્રી આદિત્યનાથે કેન્દ્રીય સાંસ્કૃતિક મંત્રી મહેશ શર્મા સાથે વાતચીત કરી છે. યોગી આદિત્યનાથે આજે કહ્યું હતું કે, રામાયણ સંગ્રહાલય માટે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. એક સપ્તાહની અંદર જમીન મળી જશે. સરકારે પહેલાથી જ સંગ્રહાલય માટે ૧૫૧ કરોડ રૂપિયાની ફાળવણી કરી દીધી છે. કેન્દ્ર સરકારે ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણી પહેલા રામાયણ સંગ્રહાલય બનાવવાની જાહેરાત કરી હતી. સુપ્રીમ કોર્ટે આજે રામજન્મભૂમિ મામલામાં પોતાની પ્રતિક્રિયા આપી હતી. બીજી બાજુ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા બાદ સંસદમાં પોતાના પ્રથમ ભાષણમાં યોગી આદિત્યનાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ભારે પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે, તેઓ તમામ લોકો માટે

● અનુસંધાન પાન-૭ પર

## ગેરહાજર સાંસદો સામે મોદીની લાલઆંખ

### સંસદમાં નિયમિત ઉપસ્થિત રહેવા મોદીનો આગ્રહ : ભાજપ સંસદીય બેઠકમાં ઉદાસીન વલણ અપનાવનારા સભ્યોની તીવ્ર ઝાટકણી : સ્પષ્ટીકરણ માંગવામાં આવશે

નવીદિલ્હી, તા. ૨૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શિસ્તમાં ખુબ જ ગંભીરતાપૂર્વક માનનાર વ્યક્તિ તરીકે રહ્યા છે. નરેન્દ્ર મોદીએ હવે ભાજપના સાંસદોને જોરદાર ફટકાર લગાવી છે અને સંસદ સત્ર ચાલે ત્યારે સંસદમાં હાજરી આપવા માટે તમામ સભ્યોને સૂચના આપી છે. સંસદમાં હાજરી નહીં આપવા બદલ પાર્ટીના સભ્યો પ્રત્યે લાલાઆંખ કરી છે. આજે ભાજપ સંસદીય બોર્ડની બેઠકમાં મોદી ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ સંસદમાં ગેરહાજર રહેનાર સાંસદોનો મુદ્દો ઉઠાવ્યો હતો અને લોકસભા અને રાજ્યસભામાં અંગત રીતે ઉપસ્થિત રહેવા તમામ સભ્યોને કહ્યું હતું. સંસદની કામગીરી ચાલતી રહે ત્યારે ગૃહમાં ઉપસ્થિત રહેવા માટે મોદીએ સાફ શબ્દોમાં સૂચના આપી છે. વડાપ્રધાને પોતાના સાથીઓને ચેતવણી આપતા કહ્યું છે કે, કોઈપણ કારણ વગર જો કોઈ સાંસદ ગેરહાજર રહેશે તો તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે. સાથે સાથે સ્પષ્ટીકરણ કરવા માટે અંગતરીતે કહેવામાં આવશે. નિયમિત ગેરહાજરીથી નાખુશ થયેલા વડાપ્રધાને કહ્યું હતું કે, સંસદના સેન્ટ્રલ હોલમાં ભાજપના સાંસદો દેખાઈ આવે છે. ગૃહમાં ગેરહાજરીને લઈને તમામ સભ્યો અને દેશના લોકો નોંધ લઈ રહ્યા છે. કેટલાક સાંસદો જીએસટી બિલને લઈને પુરતી માહિતી ધરાવતાના નથી તે બાબતને લઈને પણ વડાપ્રધાન ચિંતાતુર દેખાઈ રહ્યા છે. ભાજપ સાંસદોને સંબોધતા મોદીએ ભારપૂર્વક કહ્યું હતું કે, તેઓ ફરીવાર

● અનુસંધાન પાન-૭ પર

## મુકેશ અંબાણી ભારતના સૌથી અમીર વ્યક્તિ

### મુકેશ અંબાણીની સંપત્તિ ૨૩.૨ અબજ ડોલર : મુકેશ અંબાણી વૈશ્વિક યાદીમાં 33માં ક્રમે રહ્યા

ન્યુયોર્ક,તા. ૨૧

ફોર્બ્સ દ્વારા જારી કરવામાં આવેલી નવી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, ભારતમાં ૧૦૧ અબજોપતિ રહેલા છે. મુકેશ અંબાણી આ યાદીમાં પ્રથમ ક્રમાંક ઉપર રહ્યા છે. ભારતીય અબજોપતિની યાદીમાં આર્સેલર મિત્તલના ચેરમેન અને સીઈઓ લક્ષ્મી મિત્તલ ૧૬.૪ અબજ ડોલરની સંપત્તિ સાથે રહ્યા છે. ફોર્બ્સ



દ્વારા જણાવવામાં આવ્યું છે કે, સૌથી

● અનુસંધાન પાન-૭ પર

### સૌથી અમીર ભારતીયો

મુકેશ અંબાણી ૨૩.૨ (૩૩)
લક્ષ્મી મિત્તલ ૧૬.૪ (૫૬)
અઝીમ પ્રેમજી ૧૪.૯ (૭૨)
દિલીપ સંઘવી ૧૩.૭ (૮૪)
શિવનાદર ૧૨.૩ (૧૦૨)

નોંધ : અબજોપતિની યાદીમાં કૌંસમાં લખવામાં આવેલા આંકડા વૈશ્વિક અબજોપતિની યાદીમાં સ્થાનના છે.

## દેશના કેટલાક ભાગોમાં ત્રાસવાદીની ઘુસણખોરી

**નવી ચેતવણી જારી કરવામાં આવતા એલર્ટ : પશ્ચિમ બંગાળ, આસામ અને ત્રિપુરાની સરહદ પર હાલ મોટા પાયે ત્રાસવાદી ગતિવિધી ચાલી રહી છે : અહેવાલ**

કોલકત્તા,તા. ૨૧

ભારતમાં થનાર ત્રાસવાદી ઘુસણખોરીને લઈને બાંગ્લાદેશ સરકાર દ્વારા કેન્દ્રિત ગૃહ મંત્રાલયને સ્પષ્ટ ચેતવણી જારી કરી છે. આ રિપોર્ટના કહેવા મુજબ વર્ષ ૨૦૧૫ની તુલનામાં વર્ષ ૨૦૧૬માં પશ્ચિમ બંગાળ, આસામ અને ત્રિપુરાની સરહદ પર હરકત ઉલ જેહાદી અલ ઈસ્લામી અને જમાત ઉલ સહિત અનેક સંગઠનના ત્રાસવાદીઓની ઘુસણખોરી ત્રણ ગણી વધારે જોવા મળી રહી છે. આ રિપોર્ટ ખુબ મહત્વપૂર્ણ છે. કારણ કે ઓક્ટોબર ૨૦૧૪માં વર્ધવાન જિલ્લાના ખાગરાગઢમાં થયેલા એક બ્લાસ્ટની તપાસ કરતી વેળા કેન્દ્રિય તપાસ સંસ્થા (એનઆઈએ)ને કેટલીક ચોંકાવનારી માહિતી મળી હતી. આ બ્લાસ્ટના બહારના તાર જેએમબી સાથે જોડાયેલા હતા. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે હુજી અને જેએમબીના બે હજારથી વધારે ઓપરેટિવ આ ત્રણેય રાજ્યોમાં ઘુસણખોરી કરી ચુક્યા છે. આમાંથી આશરે ૭૨૦ બંગાળની સરહદ અને બાકી ૧૨૯૦ ત્રાસવાદી આસામ અને ત્રિપુરાની સરહદમાં ઘુસણખોરી કરી ચુક્યા છે. અલબત્ત રિપોર્ટને લઈને બંગાળ સરકારના

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### જુની નોટો જમા કરાવવાની વધુ એક તકની શક્યતા

સુપ્રિમ કોર્ટે મંગળવારે



નોટબંધી મામલે જોડાયેલી એક પીટીશન પર સુનાવણી દરમ્યાન કેન્દ્ર સરકારને પુછ્યુ હતુ કે ૫૦૦-૧૦૦૦ની જુની નોટો બેંકમાં જમા કરાવવાની વધુ એક તક આપી શકાય એમ છે કે કેમ. ૧૧મી એપ્રિલે આ મામલે વધુ સુનાવણી થશે.

### શાહરૂખે રાખી મહિલા બોડીગાર્ડ



શાહરૂખખાને હમણાં એક મહિલાની નિમણૂંક બોડીગાર્ડ તરીકે કરી છે. મહિલા ફેન્સને દૂર રાખવા માટે તેને મહિલા બોડીગાર્ડની જરૂર હોવાનુ જણાવ્યુ હતુ.

### યોગી આદિત્યનાથની ગાયોની સંભાળ રાખે છે મુસ્લિમ

યુપીના સીએમ યોગી આદિત્યનાથની છબી ભલે કટ્ટર હિન્દુવાદી નેતાની માનવામાં આવતી હોય પરંતુ તેમના ગોરખનાથ મઠની અંદરનો માહોલ અલગ જ છે. મઠની ગાયોની સંભાળ ૩૫ વર્ષિય મુસ્લિમ યુવક યાસીન અંસારી રાખે છે. તે અન્ય કામકાજ પણ જુએ છે.

### પીવી સિંધુ બની સ્પોર્ટસ પર્સન ઓફ ધ યર




મુંબઈમાં યોજાયેલ મહીન્દ્રા સ્કોર્પિયો ટાઈમ્સ ઓફ ઈન્ડિયા સ્પોર્ટસ એવોર્ડમાં બેડમિગ્ટન ખેલાડી પી વી સિંધુને બેડમિગ્ટન પ્લેયર અને સ્પોર્ટસ પર્સન ઓફ ધ યરથી સન્માનિત કરાઈ છે.

EB 5 USA ગ્રીનકાર્ડ



● USA માં $ 5 Lac (રૂ. ૩.૫ કરોડ)નું રોકાણ કરો અને ફેમિલી ગ્રીનકાર્ડ મેળવો.
● આપનો પોતાનો જ વ્યવસાય
● ૧૫ થી ૨૦% આકર્ષક વળતર
● અમે રિજિયોનલ સેન્ટરના એજન્ટ નથી.

M - 7043154990 USA - +1 646 502 5259
બી-૧, પેલેડિયમ, YMCAની નજીક, એસ.જી. હાઈવે, અમદાવાદ




ગાંધીનગરનું શ્રેષ્ઠ અને અત્યંત આધુનિક ડેન્ટલ ક્લીનિક
SHRADDHADEEP DENTAL
Multi Speciality Polyclinic Oral Health Care & Implant Center
પ્લોટ-૨૫૯/૨, સેક્ટર-૨/બી, ઘ-૦ સર્કલ પાસે, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૨૪૭૫

HONDA

તમામ શમણાં તમારે માટે નસીબવંતા હોતાં નથી.

આ માર્ચમાં, ઘણી રોમાંચક ઓફર્સ મેળવો અને ઘરે તમારી ડ્રિમ કાર હંકારી જાવ.



SUNDAY OPEN

Zero Down Payment | Attractive Exchange Bonus | Exciting Cash Offers

Highest in Customer Satisfaction with After Sales Service, in a tie

*T&C apply.

AMAZE Benefit up to ₹53,000*
BR-V Exchange Bonus up to ₹1,00,000*
JAZZ Benefit up to ₹40,000*
NEW BRIO ₹4,69,000* onwards
MOBILIO Benefit up to ₹1,00,000*
CR-V Benefit up to ₹1,00,000*

Honda received the highest numerical score in a tie among automanufacturers in the proprietary J.D. Power 2016 India Customer Service Index (CSI) Study. Study based on 7,843 new-vehicle owners who purchased their vehicles between May 2014-August 2015 and took their vehicle for service to an authorized dealer or service center between October 2015-August 2016. Proprietary study results are based on experiences and perceptions of owners surveyed May-August 2016. Your experiences may vary. The Honda City received the lowest number of problems per 100 vehicles reflecting higher quality among midsize cars in the J.D. Power 2016 India Initial Quality Study, based on 8,330 total responses, evaluating 78 models, and measures the opinions of new 2016 vehicle owners after 90 days of ownership, surveyed in May-September 2016. The Honda Amaze received the lowest number of problems per 100 vehicles reflecting higher quality among entry midsize cars in the J.D. Power 2016 India Initial Quality Study, based on 8,330 total responses, evaluating 78 models, and measures the opinions of new 2016 vehicle owners after 90 days of ownership, surveyed in May-September 2016. Your experiences may vary. Visit india.jdpower.com. Accessories shown are not a part of standard equipment. Features are grade specific. For more details visit us at hondacarindia.com or visit your nearest Honda dealership. Special offers valid on limited 2016 models till 15th March, 2017. Offer available on select models. All offers are from authorized Honda dealers. Insurance is a subject matter of solicitation. HondaAssure® for discount in lieu thereof. *Ex-showroom price, New Delhi.

Emerald Honda
CLASS • CONVENIENCE • COMFORT

શોરૂમ અને વર્કશોપ, પ્લોટ -૧૭/એ, સેક્ટર-૩૦, જી.ટી.એસ રોડ, ગાંધીનગર

સંપર્ક: ૯૭૧૪૦ ૦૮૧૦૨

Connect with us on & Visit www.emeraldhonda.com